મુંબઇના લુવાણા શેઠ કરમસી રણમલ્લ

ના પુત્ર

શેઠ હંસરાજ કરમસી

જસ્ટીસ ઓફ ધી પીસ

ને માટે

કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઇએ રચેલી કવિતાઓ.

આ કવિતાઓ કવિશ્વર દલપતરામ કૃત હંસકાવ્ય
સતકમાંથી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની
રજા લઇ છપાવી છે.

અંતર ગત.

દોહરો.

પ્રેમ બાઇનો પુત્ર છે, કર્મ સિંહ કુળ ભાણ;
હંસ રાજ હોંશી ભલો, લાયક જાત લુવાણ.

મનહર છંદ.

સવૈયા કવિત મળી સાહીત્યના સો પ્રબંધ,
રચનાનો રચનાર દલપતરામ છે;
લાયક લુવાણા જાત કરમશી રણમલ,
મુંબઇના મહાજન કૈલાસ મુકામ છે;
સુત તેનો હંસરાજ હોંશીલો હરેક વાતે,
સદ્દવિદ્યા શોધી તત્વ ગ્રાહક તમામ છે;
પુસ્તક આ તેને ભેટ કીધું માટે પુસ્તકનું,
નીરધાર્યું હંસ કાવ્ય શતક એ નામ છે.

હંસ કાવ્ય શતક.[૧]

મંગળાચરણ—મનહર છંદ.

પ્રથમ પ્રભુના પદ પંકજ પ્રણામ કરૂં,
કરૂં કષ્ટ હરણનું સ્મરણ સચેતથી;
સભાજન ભૂષણ, ને દૂષણ રહિત હિત,
દાખવું દૃષ્ટાંત ને સિદ્ધાંતના સંકેતથી;
પઢે મુખ પાઠ તે પ્રવિણપણું પામે પુરૂં,
વરણન એવું રૂડું વરણવું વેતથી;
કહે દલપતરામ રાજનીતિ અંશ કાવ્ય,
હંસ કાવ્ય શતક હું કહું હવે હેતથી.
ઇશ્વરની કૃપાથકી કારજ કરી શકાય,
ઇશ્વર કૃપાથી આપદા થકી ઉગરીએ;
કરીએ ઉદ્યોગ આશા ધરિયે અપારપણ,
ઇશ્વર કૃપાથી તરી પારતો ઉતરીએ;
પરિશ્રમ કીધે તો પગાર જેટલું પમાય;
ઇશ્વર કૃપાથકી ભંડાર ખૂબ ભરીએ;
શુણો રૂડા રાજ હંસ દાખે દલપતરામ,
ઇશ્વર સ્મરણ કરી કારજ આદરીએ.

સત્સંગ વિષે.

ધીરે ધીરે ધીરવી ધીરવીને ધરાવી ધીર,
અધીર અધીરીયાની ધીર નાંખે ધોઇને;
વદે એવા વચન પચન થાય પેટ માંહી,
અજીરણ ઉપજે નહીં કદાપિ કોઇને;
સાચવી સ્વભાવ શાંત, ભ્રાંતને અભ્રાંત કરે,
મેલી દે મતાંત તે મહાંત ખેદ ખોઇને;
શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
જનનો સુધારનાર જાણીયે તે જોઇને.

છોટા હોય છેક તેને મોટા કરીને દેખાડે,
મોટાને મહત મોટા ધારવાનું ધ્યાન છે;
મજે જેમ આપની વડાઇ અધિકાઇ થાય,
તેમ તેમ પારકી વડાઇતણું તાન છે;
એવો ગુણ અધિક અધિક જેમ આપ ગ્રહે,
તેમજ મનાય તે મહાન મુલ્યવાન છે;
ઓળખીએ દેખી આમ, દાખે દલપતરામ,
સજ્જન પુરૂષ સુક્ષ્મદર્શક સમાન છે.

જેનું કામ જેથી થાય તોપણ તે ચીજ તજી,
કૈક લોક બીજી ચીજે બને તે બનાવે છે;

ચુનાબંધ ચોખાં ઘર ચિત્તમાં ન ચાહી અને,
જોગી જેમ જનમારો ગુફામાં ગુમાવે છે;
કસ્તુરીને કેસરને કંકુને નકામાં ગણી,
ભોળોનાથ ભસ્મ અંગે ભુંશીને નિભાવે છે;
શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
જે જેમ ચલાવા ચાહે તે તેમ ચલાવે છે.

દુર્જન વિષે.

મનહર છંદ.

ગાજે ત્યાં ગગન ઘન જવાસા સુકાઇ જાય,
તરૂવર તો તમામ ફાલીને ફેલાય છે;
સૂરજની શોભા દેખી સર્વને સંતોષ થાય,
ઘૂડ તો ઘલાઇ ખુણે ઘણાં ગભરાય છે;
અદેખાને ઉપદ્રવ કરે નહીં કોય, તોય,
અદેખાનું શરીર સ્વભાવથી સુકાયછે;
શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
જેમ ફાસફરસ સ્વભાવે બળી જાયછે. ૧
કોઇ કહે અતિ ઝેર વિંછીતણાં આંકડામાં,
કોઇ કહે તેથી ઘણું સરપના તનમાં;

કોઇ કહે હોય ઝેર હડકાયા કૂતરામાં,
કોઇ કહે હોય ઝેર વેરીના વચનમાં;
કોઇ કહે ઝેર ઘણું રહે રતનાગરમાં,
કોઈ કહે ઝેરતણાં ઝાડ ઝેરીવનમાં;
શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
આખું ઝેર સૌથી ઝેરી માણસના મનમાં.

ઇંદ્રવિજય છંદ.

ક્રૂરથકી ડરી દૂર રહી જન ક્રૂરતણું, કરીયે મુખ કાળું,
જો કરીએ કદી શીશ સમર્પણ, ક્રૂર કદાપિ ન થાય કૃપાળુ;
રક્ષકનો પણ ભક્ષ કરે, ભયકારી જનાવર થાય ભુખાળું,
હંસ સુણો દલપત્ત કહે કશું, ક્રૂરને વાયક વિનતિ વાળુ;

મનહર છંદ.

રામાતણું બળ જે રીસાઇને રહેવું ભૂખ્યાં,
બાળકનું બળ બહુ રાગ તાણી રડવું;
દીનતણું બળ દીલ દુખાઇ બેદુવા દેવી,
જુલમીનું બળ જે જુલમ કરી નડવું;
અદેખાનું બળ જે અછતાં અવગુણ બોલે,
રાયતણું બળ વેર રાખીને રગડવું;

કહે દલપતરામ કપટી કુટિલ કને,
પંડિતનું બળ મૌનપણું તે પકડવું.
કહી કહી થાકે ગુરૂ કહેલું ન કાન ધરે,
કોણ કરે બોધ શિષ્ય હોય ન કહ્યાગરો;
ભરી ભરી રાખી એને ઝરી ઝરી જાય જળ,
કોણ ભરે પાણી એવી કાણી જાણી ગાગરો;
ખોદી ખોદી ખાતર નાંખીને ખૂબ ખેડે તોય,
અન્ન ન ઉછેરી આપે લવણનાં આગરો;
કહે દલપત એવી ઠાલી માથાકુટ કરી,
કોણ કરે એવો ઉંઘ વેચીને ઉજાગરો.

વચન વિવેક વિષે.

બોલે એક બોલ તેના તોલથી તપાશીએ તો,
વરતી શકાય તેની વાતચીત વાણીએ;
કેવી ચાલ કેવો માલ કેવો તેનો બધો તાલ,
પૂછયા પાખી પણ પરિપૂરણ પ્રમાણીએ;
લક્કડના લાડુતણા નામથી તમામ ગુણ,
દાખે દલપત્ત આપ અંતરમાં આણીએ;
પંડયાણીનું પુરૂં કુળ પૂછયા પાખી પ્રીછી લેએ,
દીકરાનું નામ જ્યારે દાઉદીઓ જાણીએ.

વચનથી વેરવાઈ વેરને વિસારી મૂકે,
વચનથી કિમત જણાઇ આવે જનમાં;
વચનથી અંતરમાં આનંદ અધિક થાય,
વચનથી મહાખેદ ઉપજેછે મનમાં;
અજાણ્યાથી પ્રીત થાય જાણ્યા વિપરીત થાય,
વચનથી જાવું પડે પારકા વતનમાં;
સુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
વિદ્યા વશીકરણની વસેછે વચનમાં.

સમજ્યા વિનાનો શુક રટે મુખ રામ રામ,
કોણ જાણે રામ તે અંજીર કે અનાર[1] છે;
તિથિ તે શું વાર તે શું, નક્ષત્ર તે નામ શેનું,
અજાણ જોશીને નામ માત્રનો ઉચ્ચાર છે;
પાશેરનું અર્ધ પૂછ્યે નારી કહે નવટાંક,
પાશેરના ટાંક પૂછ્યે વિચારતાં વાર છે;
તેમજ રીતિ તમામ દાખે દલપતરામ,
રહસ્ય જાણ્યાવિના ન સૂજે કશો સાર છે.

દસ મોહોઢે બોલનાર આ સમે અપાર દિસે,
રાવણને ઉપમા નથી લખી નવાઇની;

---

૧ અનાર દાડેમ.

ઉપમા પ્રમાણે ચિત્ર ચિત્રવાની ચાલ પણ,
ભાસે દેશ દેશમાં હમેશ બાપ ભાઇની;
ઉપમાવિના આનંદ ઉપજે ન અંતરમાં,
તેતો છે પુરાતનની રીત પંડિતાઇની;
શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
કવિની ન ચુક મૂર્ખનીજ મૂરખાઇની.

પારકીજ ચૂકનો વિચાર કરતાં પ્રથમ,
આપનાજ અંતર તરફ ચિત્ત આપીયે;
દુઃખ સુખ પારકાના દેહતણું દેખવાને,
આપનાજ દુઃખ સુખમાંહી દીલ થાપીએ;
આપણુંજ કાળજું કપાય તેનું કષ્ટ જોઇ,
કાળજુ પરાયું પછી કદાપિ ન કાપીયે;
શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
માપવા દિવસ છાયા આપનીજ માપીયે.

કાશી કેરા પંડિતની સાથે સભાવિશે વાદ,
વદવાને ઉઠયો ઠગ મૂરખ ઠગાઇથી;
હુંકારા ટુંકારા કરી તાડુકી તાડુકી તેતો,
તજી લાજ શરમને બોલ્યો તોછડાઇથી;

પંડિત તો તેના સામો એક બોલ બોલ્યો નહિ,
રહ્યો સાંભળીને સર્વ રૂડી ગંભીરાઇથી;
સુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
મૂર્ખ જાણે જીત્યો મારી વિદ્યાની વડાઇથી.

ક્ષમાવાળી ક્ષમા રાખે ત્યારે દુષ્ટ તેને કહે,
બોલી જાણે નહિ માટે નાસવાની બારીઓ;
આબરૂ તજીને બોલતાં અદબ મૂકવાની,
હિંમત ન રાખે ત્યારે કહે એતો હારીઓ;
ઉપરા ઉપર બોલતાંજ બીહે નહીં,
જાહેર કરેછે તાત માતતણી જારીઓ;
સુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
તેવીતો ચતુર ઘણી નારીઓ ચુનારીઓ.

ભોળી સ્ત્રી વિષે.

મનહર છંદ.

તખતો પોતાનો મર્મ પોતે ન પ્રસિદ્ધ કરે,
પરગુણ દોષ પરદૃષ્ટિયે દેખાડશે;
હાંડી તો હૈયાની ભોળી જે બિચારી નારી જાત,
સારી બૂરી વાત નહિ પેટમાં સંતાડશે;

સંતાડી શકે શું સૃજનારી નથી શક્તિ દીધી,
નારી જાત અંતરની વારતા ઉઘાડશે;
શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
લોક તેમાં તેલ રેડી બળતું લગાડશે.

ભણી ગણી નહીં તેથી ભામનીની ભાષા ભુંડી,
તેને નહિ શુદ્ધ કશી તક કે બેતકની;
છુંદી છુંદી મેંદી પછી તેને મુખે છાંદો દીધો,
રેખ મેખ મારી જાણ્યું જાય ટેવ જકની;
હરઘડી હોઠ રૂપી બારણાં બે બંદ થવા,
નાકરૂપી નકુચે કડી કરી કનકની;
શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
માનનીને મુખે વાણી તો રહે માફકની.

સ્વભાવ.

દુમીલા છંદ.

ઉતરે ન અનામત ચિત્ર મહાવત,
જે ગજ શશિ ચડયો તે ચડયો;
મરડાય નહીં મૃતિકા ઘટનો,
કુંભકારે જે ઘાટ ઘડયો તે ઘડયો;

બદલાય છુટા ન બિલોરતણો,
જેમ જન્મ થતાંજ જડયો તે જડયો;
દિલ શોધી જુઓ દલપત કહે,
જન જાતિ સ્વભાવ પડયો તે પડયો.

મનહર–છંદ.

ગ્રહનું ગ્રહણ થતાં દુશમનોને ડરાવી,
કોલંબસે કેવો રસ્તો શોધ્યો સમાધાનનો;
ઉપયોગી ઝાડને સિંદૂરનું ત્રિશુળ તાણી,
કરે છે આકાર કેવો મામાના મકાનનો;
પાણીતણી વાંચ્યે અપવિત્ર ક્રિયા કરે નહિ,
ડાહ્યે શોધી કાઢયો તેમાં રસ્તો દેવસ્થાનનો;
શુણો રૂડા રાજહંસ ભાખે દલપતરામ,
ઉપયોગ થાય છે અજ્ઞાનીના અજ્ઞાનનો.

ઉપદેશ વિષે.

પાણી વિના પ્રાણીતણા પલકમાં પ્રાણ જાય,
તે તો પાણી મફત મળેછે જોયે જેટલું;
સોના વિના સૃષ્ટિ જીવી શકે સૈકડો વરસ,
મોઘે મુલે મળેછે કનક જુઓ કેટલું;

તનુજ જનમ્યા આગે જનનીના તનમાંહી,
તાજું તાજું દૂધ તો તૈયાર રાખ્યું તેટલું;
શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
ચતુર ચિંતા તજે વિચારી ઉર એટલું.

પરાક્રમી જન વિષે.

ઉમદા મનુષ્યને અગાડી કીજીએ હમેશ,
તો તે કામ તતકાળ કીમતી કહાવશે;
ગરીબ અગાડી કીધે કામ હલકું ગણાય,
કોણ તેને કહી ભલું નજરમાં લાવશે;
નવડો અગાડી નોંધે આંકડો એકાણું થાય,
એકડો અગાડી નોંધ્યે ઓગણીશ આવશે;
શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
ઉમદાને આશરે ગરીબ ખુબ ફાવશે.

જાતિલાનું જોર વધ્યે જોરાવર જાત થાય,
પેશી ન શકાય ત્યાં પલકમાં પુગાડશે;
લોહતણી શાઇડીથી શારીને કઠોર કાઠ,
લોહતણા ખીલા તેજ છેદમાં લગાડશે;
જાતમાંથી સંપ જાય તો એકે નહિ ઉપાય,
મજબુત મૂળખણી ખોદીને ઉખાડશે;

શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
મણીતણી શાઇડી મણીમાં શાર પાડશે.

લોભી તથા કંજુસ વિષે.

જુગારી કરજદાર કરજથી દૂર થવા,
માંડે દાવ મોટા જાણે કરૂં મુડી કરમાં;
જેમ કોઇ રાયનો કુમાર રાયથી રીસાય,
જાય નાશી જાણે જાઉ દૂર દેશાવરમાં;
પાછું વળી પેખે ન સીધાવે શીધો શીધે પંથ,
ભમીને ભૂગોળ આવે બાપના બંદરમાં;
શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
ઘાંચીનો બળદ ધુમે ઘરમાંનો ઘરમાં.

ઇંદ્રિવિજય છંદ.

લાલને લાડ લડાવીએ લાખ, ધરે નહિ પ્રાણવિના ખવરાવ્યે;
ખેતર ખેડી ભર્યું ભલું ખાતર, અન્ન ઉગે ન વિના વવરાવ્યે.
પીરસવા પકવાનવિના નહિ ગોરવ થાય ગીતો ગરાવ્યે;
હંસ શુણો દલપત્ત કહે, જન સર્વની જાય ક્ષુધા ખવરાવ્યે.

નિર્બળ.

મનહર છંદ.

નરમ દેખીને ગણવું જ નહિ નીરબળ,
મૌન દેખી મૂરખ કે મુગુ નહિ માનીયે;
ઓળખાય નહિ પણ હોય આબરૂજદાર,
હોય સરદાર પણ પૂરો ન પીછાનીએ;
સુરાખારનો ગંધકનો તેજાબ સેવનાર,
હોય રૂ [૧] બંદુકનું ન છેડીયે નાદાનીયે;
શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
પાટુ મારવાથકી પીડા પમાય પાનીએ.
શ્રીમંતોની સભા મધ્ય ગરીબ શી ગણતીમાં,
કોહીનૂર પાસ કાચ બાપડો શા બાબમાં;
સાગરની આગળ તે ગાગરને ગણે કોણ,
તલતણું તેલ તુચ્છ તે કશું તેજાબમાં;
લાખ ક્રોડ રૂપૈઆનાં જે ઠેકાણે લેખાં થાય,
કોડીઓ બિચારી ત્યાં કહો કિયા હિસાબમાં;
શુણો રૂડા રાજહંસ દાખે દલપત્તગ્રમ,
છ આનાની છીદરી તે છાજે કેમ છાબમાં.

---

૧ રૂ—ગનકૅાટન.

ઉદ્યોગ વિષે.

અસલના લોક અંગ ઢાંકવાને ધરી લેતા,
ચામડાં કે પાનડાં કે ઝાડ છાલ જાડીયો;
આળસ તજીને જો ઉદ્યોગ કર્યો અક્કલથી,
અડચણો ઉડી ગઇ આવનારી આડીયો;
પાથરી મુકી છે સૂખની વસ્તુઓ પૃથવીમાં,
ખાંડ ઘીને દૂધતણી, ભરેલી છે ખાડીયો;
શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
આ નથી આકાશમાંથી આવી આગગાડીયો.

નશીબ વિષે

કરમ કરમ લોક કહેછે તો કૈક ખરા,
કહો ખરૂં રાખે કેણ આકીન કરમનું;
કરમ સાચું ગણે તો કુવા વાવ્યો કરે કેમ,
ચરણમાં ધરે કેમ ખાસડું ચરમનું;
ખરૂં જે કરમ ગણે ચુલા તેતો ખોદી નાંખે,
ધ્યાન ધરી બેસે કરી કરમ ધરમનું;
શુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
શીયાળામાં ઓઢે શીદ ગોદડું ગરમનું.

ઉત્તર.

મનહર છંદ.

જુદી જુદી લિપિઓ અનેક છે આ જગતમાં,
અક્ષર એકેકના અનેકધા આકાર છે;
જેણે જેવો માન્યો તેવો ખરો કોઇ ખોટો નહિ,
આકાર અનેક પણ એકજ ઉચ્ચાર છે;
કોઇ કહે ઉચ્ચારતો હોય નિરાકાર સદા,
માને જે આકાર તેતો માનવી ગમાર છે;
કહે દલપતરામ લડી મરે લોક આમ,
ખોટો નહિ કોઇ એતો ખાલી તકરાર છે.
સુતારના આંગણામાં બાવળ બે વેંત ઉગ્યો,
ભાળી એક બોલ્યો જે સુતાર મોટો ભાઇ છે;
લાયક આ ઝાડ થશે તેનાં લાકડાંની ગાડી,
ભૂપને કરશું ભેટ આપણે કમાઇ છે;
બોલ્યો તેનો બીજો ભાઇ ગાડી નહિ પણ મેનો,
બનાવીને ભેટ કીધે આપણી ભલાઇ છે;
વાદ વદી બંને મારા મારી કરી માથાં ફૂટ્યાં,
એવીજ આ લોકો વિષે ધર્મની લડાઇ છે.

સમાપ્તિ વિષે.

મનહર છંદ.

સુંદર આ ગ્રંથનું સમાપન કરન સમે,
વળી હું ધરૂંછું ધ્યાન, વીધન વિધ્વંશનું;
જેના મહિમાનો પાર જરીયે ન જાણ્યો જાય;
જેણે આ જગત ઉપજાવ્યું આપ અંશનું;
એજ પ્રભુ આપો મારા મિત્રને વિચિત્ર સુખ,
વળી કરો રક્ષણ વિશેષ એના વંશનું;
કરીને પ્રણામ આમ કહે દલપતરામ,
હજારો હજાર સાલ રહો નામ હંસનું.

ગ્રંથ સમાપ્તિની તિથિ.

સંવત સેં ઓગણીસ ઉપર તો એકવીશ,
શ્રાવણ શુદી પ્રવેશ પંચમી પ્રમાણીએ;
અંતરમાં અધિક આનંદતણા વૃંદ પામી,
હંસ કાવ્ય શતક આ વરણવ્યું વાણીયે;
ભેટ કર્યું હંસને તે હંસે અંગીકાર કર્યું,
વિવેકની વાતતો વિશેષ શું વખાણીયે;

વાંચીને વિચાર એ જો ભાખે દલપતરામ,
જુગતી જરૂર જન રંજનની જાણીયે.

પ્રીતિ વિષે.

ઇંદ્રવિજય છંદ.

અંતર હેતતણા રસ આગળ,
ખાંડ ખજૂરતણી ખુબી ખોટી;
અંતર હેતની કિમત આગળ,
માણક મોતી મતા નથી મોટી;
અંતર હેતતણા ધન આગળ,
કોણ ગણે ધન લાખ કે કોટી;
હંસ શુણો દલપત્ત કહે,
દિલ હેતની નિર્મળ નેણ કસોટી.

———:o:———

સ્તુતિ.

સૌનું કરો કલ્યાણ, દયાળુપ્રભુ,
સૌનું કરો કલ્યાણ. (ટેક૦)

નરનારી પશુ પક્ષીની સાથે (૨)
જીવ જંતુનું તમામ—દયાળુ પ્રભુ સૌનું૦

જગના વાસીઓ સૌ સુખ ભોગવે (૨)
આનંદે રહી આઠો જામ—દયાળુ પ્રભુ સૌનું૦

દુનિયામાં દરદ દુકાળ પડે નહીં (૨)
લડે નહી કોઇ ગામ—દયાળુ પ્રભુ સૌનું૦

સર્વે જગે સુખકારી વધે ને (૨)
વળી વધે ધન ધાન્ય—દયાળુ પ્રભુ સૌનું૦

કોઇ કોઇનું બુરૂં ન ઇચ્છે (૨)
સૌનું ઇચ્છે સૌ સમાન—દયાળુ પ્રભુ સૌનું૦

પોત પોતાના ધર્મ પ્રમાણે (૨)
સર્વ ભજે ભગવાન—દયાળુ પ્રભુ સૌનું

આવૃતિ ૧ લી] [નકલ ૧૦૦૦
છપાવી પ્રસિદ્ધ કરનારઃ—શા. હરીલાલ છોટાલાલ મહે
; કાલકાદેવી રસ્તો, કાવેલ. ઘર નં. ૧૭, મુંબઈ, ૨
છાપનારઃ—શા. મગનલાલ જગજીવનદાસ. (૭૨૭-૯
શ્રી 'સરસ્વતી' છાપખાનું, ૫૬ નાગદેવી રસ્તો, મુંબઈ.